# SMARANANJALI SABHA



## Late CA Ashwin C. Shah

### 14.06.1939 – 10.01.2026

**Date:** 24th January 2026 (Saturday)

**Timing:** 05:00 pm to 06:00 pm

**Venue:** GCCI Hall, Ashram Road Ahmedabad

### ALL GUJARAT FEDERATION OF TAX CONSULTANTS

**President:** Adv. Ashutosh Thakkar

**Hon. Secretary:** CA Parth Doshi

### INCOME TAX APPELLATE TRIBUNAL BAR ASSOCIATION

**President:** Adv. Mehul Patel

**Hon. Secretary:** Adv. Parimalsinh Parmar

### INCOME TAX BAR ASSOCIATION

**President:** Adv. (Dr.) Kartikey Shah

**Hon. Secretary:** CA Shivam Bhavsar

# શોક સંદેશ

**ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ** ના હોદ્દેદારો અને મેનેજીંગ કમિટી વતી, આથી અત્યંત દુઃખ, ગાઢ શોક અને હૃદયવિદારી ક્ષણોમાં ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ પરિવારજનો, સહયોગીઓ તેમજ સમગ્ર ટેક્સ કન્સલ્ટન્ટ સમુદાયને અત્યંત વ્યથા સાથે આ આઘાતજનક સમાચાર થી અવગત કરાવી છે કે—

આપણી સંસ્થાના પ્રેસિડેન્ટ એમિરેટ્સ, વરિષ્ઠ ભૂતપૂર્વ પ્રમુખશ્રી સંસ્થાના માર્ગદર્શક, સ્થાપક સમકક્ષ આધારસ્તંભ, વિચારધારાના પ્રણેતા તથા અવિરત પ્રેરણાસ્રોત સ્વ. અશ્વિનભાઈ સી. શાહ હવે દૈહિક બંધન છોડીને પરમાત્મા ના ચરણોમાં ગોલોકવાસી થયા છે.

સ્વ. અશ્વિનભાઈ શાહનું જીવન માત્ર એક વ્યક્તિનું જીવન ન હતું, પરંતુ તે સંસ્થા માટે સંસ્કાર, સિદ્ધાંત અને સેવા ભાવનાનો જીવંત અધ્યાય હતું. ફેડરેશનની ઓળખ, પ્રતિષ્ઠા અને મૂલ્યવ્યવસ્થાનું ઘડવામાં તેમનો ફાળો અમૂલ્ય અને અવિસ્મરણીય રહ્યો છે. તેમના દુરંદેશી નેતૃત્વ, અખૂટ સમર્પણ, અડગ નૈતિકતા અને વ્યવસાયિક આચરણના પરિણામે સંસ્થાએ સંગઠનાત્મક મજબૂતી, વ્યાવસાયિક ગૌરવ અને રાજ્યવ્યાપી વિશ્વસનીયતા પ્રાપ્ત કરી.

સ્વ. અશ્વિનભાઈ શાહ પ્રમુખ તરીકે તેમના કાર્યકાળ દરમિયાન તેમણે ફેડરેશન નો સિદ્ધાંત, શિસ્ત, સંયમ અને પારદર્શિતા મજબૂત પાયા પર દ્રઢ રીતે સ્થાપિત કરી. સંસ્થાની આંતરિક એકતા, સભ્યો વચ્ચે સમરસતા અને વ્યવસાયિક મૂલ્યો નાં સંરક્ષણ માટે તેમણે જે દીર્ઘકાલીન દિશા દર્શાવે છે આજે પણ સંસ્થાની કાર્યપદ્ધતિમાં પ્રતિબિંબિત થાય છે.

પ્રેસિડેન્ટ એમિરેટ્સ તરીકે સ્વ. અશ્વિનભાઈ શાહ વર્ષ ૨૦૨૫-૨૦૨૬ માટે સંસ્થાના નૈતિક સંરક્ષક અને વિચારક તરીકે સદાય સક્રિય રહ્યા. તેમની અનુભવી સલાહ, સંતુલિત દૃષ્ટિકોણ અને નિષ્પક્ષ વિચારધારા અનેક નિર્ણાયક ક્ષણોમાં ફેડરેશન માટે માર્ગદર્શક બની. તેમણે વરિષ્ઠતા સાથે વિનમ્રતા અને સત્તા સાથે સંયમનો જે આદર્શ સ્થાપ્યો, તે સંસ્થાકીય જીવન માટે દીપરૂપ સાબિત થયો.

યુવા ટેક્સ કન્સલ્ટન્ટ્સને પ્રોત્સાહન આપવું, વ્યવસાયિક નૈતિકતા પ્રત્યે દૃઢ પ્રતિબદ્ધતા જાળવવી અને સંસ્થાકીય એકતા મજબૂત કરવી—આ ત્રણેય ક્ષેત્રોમાં તેમનું યોગદાન અનન્ય રહ્યું. તેમણે ફેડરેશનને માત્ર એક વ્યવસાયિક સંગઠન નહીં પરંતુ મૂલ્ય આધારિત પરિવાર તરીકે વિકસાવવાની સતત પ્રયાસ કર્યો, જેમાં પરસ્પર સન્માન, સહકાર અને વ્યવસાયિક ગૌરવ મુખ્ય આધાર રહ્યા.

સ્વ. અશ્વિનભાઈ શાહ માત્ર પદ પર રહ્યા નહોતા; તેઓ સંસ્થાની આત્મા, અંતઃકરણ અને દિશાસૂચક દીપ સમાન હતા. તેમની સાદગી, શિસ્ત, સહજતા, સંવેદનશીલતા અને સત્યનિષ્ઠા ફેડરેશનની સંસ્કૃતિનો અવિભાજ્ય ભાગ બની ગઈ છે.

તેમનું અવસાન ફેડરેશનના ઇતિહાસમાં અપૂરણીય અને અણમોલ ક્ષતિ છે. તેમનું કાર્ય, વિચારધારા, મૂલ્યો અને આદર્શો આવનારી પેઢી માટે માર્ગદર્શક દીપરૂપે સદાય પ્રેરણા આપતા રહેશે અને સંસ્થાના અસ્તિત્વમાં ચિરંજીવી રહેશે.

પરમાત્મા સમક્ષ વિનમ્ર પ્રાર્થના કરે છે કે સ્વ. અશ્વિનભાઈ શાહ ની પુણ્ય આત્માને ચિર શાંતિ અર્પે અને તેમના પરિવારજનો, સ્વજનો તથા શુભેચ્છકોને આ અતિ અસહ દુઃખ સહન કરવાની શક્તિ, ધૈર્ય અને માનસિક સંબળ પ્રદાન કરે.

**ઓલ ગુજરાત ફેડરેશન ઓફ ટેક્સ કન્સલ્ટન્ટ્સ, ઇન્કમટેક્સ બાર એસોસિએશન, ઇન્કમટેક્સ એપલેટ ટ્રિબ્યુનલ બાર એસોસિએશન ના સંયુક્ત ઉપક્રમે શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ નો કાર્યક્રમ તા. ૨૪/૦૧/૨૦૨૬ના રોજ, સાંજે ૫.૦૦ કલાકે થી ૬.૩૦ કલાક ધી ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝ ના હોલમાં રાખેલ છે. સભ્ય શ્રી ને નમ્ર વિનંતી કે મોટી સંખ્યામાં હાજર રહીને ભાવાંજલિ અર્પણ કરીએ.**

શોકાકુલ
**AGFTC, ITATBA, ITBA પરિવાર**